ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૪૩ ટકા

# સિવિલમાં વર્ષ-૨૦૨૦માં ૫૫૧૭૩ એકસ-રે પડ્યા

## વર્ષ ૨૦૧૯ કરતાં વર્ષ ૨૦૨૦માં ૪૦ ટકાનો ઘટાડો : ૫૫ હજાર એકસ-રેમાંથી મોટાભાગના એકસ-રે કોરોના દર્દીઓના છાતીના પાડવામાં આવ્યા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ષ-૨૦૨૦માં એકસ-રે વિભાગ દ્વારા ૫૫૧૭૩ એકસ-રે પાડવામાં આવ્યા છે. વર્ષ-૨૦૧૯ માં અંદાજીત ૯૩ હજારથી વધુ એકસ-રે પાડવામાં આવ્યા હતા. ત્યારે કોરોના મહામારીને પગલે આ વર્ષે એકસ-રે માં ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. જયારે ૫૫ હજાર એકસ-રે માંથી મોટાભાગના એકસ-રે કોરોના દર્દીઓના છાતીના પાડવામાં આવ્યા છે. તે ઉપરાંત કોરોના વોર્ડમાં દર્દીના ખાટલે જઈને મોટાભાગના પોર્ટેબલ એકસ-રે પાડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ જયારે સામાન્ય દિવસોમાં ગાંધીનગર હોસ્પિટલની ઓપીડી અને તાત્કાલીક વિભાગ ધમધમતો હોય છે. જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાના દર્દીઓ પણ સારવાર માટે આવે છે. તાવ થી માંડીને હિમોડાયાલીસીસ સુધીની સારવાર થાય છે. ત્યારે દર્દીના ધસારાને પગલે એકસ-રે વિભાગની કામગીરીનું ભારણ વધી જાય છે. એકસ-રે જોઈ ડોકટર દ્વારા નિદાન કરાતુ હોવાથી તે વિભાગમાં લાંબી લાઈનો લાગી હોય છે. ત્યારે કોરોના મહામારીમાં પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એકસ-રે વિભાગમાં જાન્યુઆરીમાં-૭૬૭૦, ફેબ્રુઆરી-૭૪૦૮, માર્ચ-૫૬૮૩, એપ્રિલ-૧૮૭૩, મે-૧૫૩૨, જુન-૨૪૭૯, જુલાઈ-૫૪૨૮, ઓગસ્ટ-૫૧૨૪, સપ્ટેમ્બર-૫૮૪૬, ઓકટોબર-૪૧૦૬, નવેમ્બર-૪૪૫૯, ડીસેમ્બર-૩૫૬૫ એકસ-રે પાડવામાં આવ્યા છે. કોરોના કાળમાં પણ વર્ષ દરમિયાન ૫૫,૧૭૩ એકસ-રે પડ્યા છે. જયારે લોકડાઉનના સમયગાળા દરમિયાન સિવિલમાં નહીવત દર્દીઓ આવતા હોવાથી એપ્રિલ અને મે માસમાં સૌથી ઓછા એકસ-રે પડ્યા છે. આ વર્ષે જે એકસ-રે પડ્યા છે તેમાં પણ કોરોના દર્દીઓના એકસ રે સૌથી વધુ નોંધાયા છે. ત્યારે સિવિલમાં વર્ષ ૨૦૧૯ કરતા વર્ષ ૨૦૨૦માં એકસ-રે માં ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. પરંતુ કોરોનાના સમયમાં એક પણ દિવસ રજા રાખ્યા વિના એકસ-રે વિભાગના કર્મચારીઓએ સતત કામગીરી કરી છે તે પણ સરાહનીય છે.

## સાદરાથી વૃક્ષ પર દોરીમાં ફસાયેલ રેવીદેવી ઘુવડને રેસ્કયું કરાયું



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના વન વિભાગ દ્વારા સ્વૈચ્છિક સંસ્થા વનશ્રી ટ્રસ્ટના સહયોગથી ઉત્તરાયણ દરમિયાન કરૂણા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત રવિવારે ચિલોડા નજીકના સાદરા ગામેથી એક રેવીદેવી ઘુવડ ઝાડ પર પતંગની દોરીમાં ફસાયેલું હોવાનો કોલ પ્રાપ્ત થયો હતો. આ કોલ મળતા સાદરા રેન્જના વનરક્ષક વિજયસિંહ ચાવડાએ સ્થળ પર પહોંચીને વૃક્ષ પર દોરીમાં ફસાયેલા ઘુવડને ઉતારી લેવામાં આવ્યું હતું પરંતુ આ ઘુવડ ઈજાગ્રસ્ત હોવાથી તેને બોડકદેવ ખાતેના વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં સારવાર માટે સોંપી દેવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તરાયણમાં મકાનોના ધાબા કે વૃક્ષો વગેરે પર લટકતી દોરી તથા દોરીના ગુંચડા એકત્ર કરવામાં આવી રહ્યા છે. આવા એક કિલો ગુંચડા એકત્રિત કરીને સંસ્થાને આપનાર સ્વયંસેવકને સંસ્થા દ્વારા ટ્રોફી આપી સન્માનવામાં આવશે તેવું સંસ્થાના સંચાલક તથા જિલ્લાના વાઈલ્ડ લાઈફ વોર્ડન અંજના ચૈતન્ય નિમાવત દ્વારા માર્ગદર્શન સાથે જણાવાયું હતું.

## સરગાસણના ટીપી-૯માં સીટી બસ સેવાનો પ્રારંભ





ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની સીટી બસ ખરેખર હવે શહેરી વિસ્તારના લોકો માટે ઉપયોગી બનશે અને સીટી બસનું શહેરીજનોને મુસાફરી માટેનું સપનું સાકાર થશે. ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ દ્વારા અંગત રસ લઈ પાટનગરના જુદા જુદા વિસ્તારોમાં સીટી બસ શરૂ કરવા પ્રયાસો હાથ ધરાયા હતા. જે સંદર્ભે ગાંધીનગરના પ્રવેશ માર્ગે ઝડપી વિકસી રહેલા સરગાસણના ટીપી-૯ વિસ્તાર માટે પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટે તંત્ર પાસે ઘણા સમયથી સીટી બસ શરૂ કરવા માંગણી કરી હતી. જે માંગણીને ધ્યાને લઈ સોમવારથી પથિકાશ્રમ (એસ.ટી. ડેપો)થી સરગાસણ ટીપી-૯ વચ્ચે સીટીબસને સમયપત્રક સાથે આરંભ કરવામાં આવ્યો છે. જેમાં સોમવારે પ્રથમ બસ સવારે ૬.૦૦ વાગે પ્રસ્થાન થઈને ટીપી-૯માં દાખલ થઈ ત્યારે પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ નમેરા, સેક્રેટરી હિંમતભાઈ પટેલ, કારોબારી સભ્યો સહિત વિસ્તારના રહીશોએ બસનું ફુલહાર, કંકુતિલક અને મંત્રોચ્ચાર સાથે ઉમળકાભેર ભવ્ય સ્વાગત કર્યું હતું તેમજ બસમાં મોટી સંખ્યામાં રહીશોએ મુસાફરી કરી શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે સૌએ મેયર રીટાબેન પટેલનો આભાર વ્યકત કરી શરૂ થયેલી આ સીટી બસ કાયમ રીતે નિયમિત જળવાઈ રહે તે માટે લાગણી વ્યકત કરી હતી.

## સે-૪માં પાણીના નવા બોરનો શુભારંભ કરાયો



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેકટર-૪માં આજે પાણીના નવા બોરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરા દ્વારા વસાહતીઓને અભિનંદન સાથે પાણીનો સંતુલિત વપરાશ કરવા શીખ આપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વોર્ડ નં. ૮ના મહિલા કોર્પોરેટર પ્રવિણાબેન વોરા દ્વારા સહસેવાભાગી નરેશભાઈ સાથે મળીને સેકટર-૪માં પાણીના બોરની સુવિધા શરૂ કરવા પાટનગર યોજના વિભાગને રજૂઆત કરવામાં આવી હતી કેમ કે સેકટર-૪માં પાણીની સમસ્યાથી વસાહતીઓ પરેશાની ભોગવી રહ્યા હતા. પાટનગર યોજના વિભાગના પાણી ડિવીઝનની કચેરીએ આ બાબતે વડી કચેરીમાંથી નાણાંકીય અને વહીવટી મંજૂરી મેળવવા પ્રયાસો કર્યા હતા જેના ફળ સ્વરૂપે સે-૪માં નવા બોરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કોર્પોરેટરે પાટનગર યોજના વિભાગના અધિકારીઓ અને સે-૪ના વસાહતીઓની સમસ્યાને વાચા આપનાર અખબારી આલમનો આભાર વ્યકત કર્યો છે.



## બેરોજગાર યુવાનો માટે યુથ કોંગ્રેસના એક દિવસીય ઉપવાસ

ગાંધીનગર જિલ્લા-શહેર યુથ કોંગ્રેસની ટીમ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે બેરોજગાર યુવાનોને ન્યાય અપાવવા માટે એક દિવસીય પ્રતિક ઉપવાસ કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ શકિત પટેલ સહિત કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા ડૉ. નિધિ



ફિઝીયોવર્લ્ડના સંયુકત ઉપક્રમે આજે સેકટર-૨૧માં ફિજીયોથેરાપિસ્ટ સ્પોર્ટસ ઈન્જરી અને રી-હેબીલેશન સેન્ટર ખાતે નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં લાભાર્થીઓને ગરદન, કમર, સાયટિકા (રાંઝણ, ખભા તેમજ ઘુંટણના દુઃખાવો, ફરતો વા (રુમોટાઈટ આર્થરાઈટસ) વગેરે દર્દોમાં ફિઝીયોથેરાપિસ્ટ ડૉ. નિધિ લેકિનવાલા શાહ દ્વારા માર્ગદર્શન તથા ડેમોસ્ટ્રેશન પુરું પાડવામાં આવ્યું હતું.

ફિઝીયોથેરાપી કેમ્પના પ્રારંભે સંસ્થાના સહમંત્રી મીતાબહેન ઉપાધ્યાય દ્વારા ફોર-વે-ટેસ્ટનું વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રમુખ ઈલાબહેન વોરાએ લાભાર્થીઓને કેમ્પનો લાભ લેવા આવકાર્યા હતા. કેમ્પના પ્રોજેકટ ચેરમેન મનોજભાઈ સરૈયાએ જનહિત અંગેની માહિતી આપી હતી તેમજ ડૉ. નિધિની સેવાઓ બિરદાવી તેમને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું. કેમ્પમાં સીએ મનોજ લેકિનવાલા, વર્ષા લેકિનવાલા, સંસ્થાના સચિવ હસમુખ મેકવાન વગેરે ઉપરાંત ફિઝિયોથેરાપી સેન્ટરના અનિતાબહેન તેમજ આશાબહેને વિશેષ સહયોગ આપ્યો હતો.

# ખાદ્યતેલના ભાવમાં ધરખમ વધારો

## સીંગતેલ, કપાસીયા અને સનફલાવર ઓઈલના ભાવમાં ૧૫ લીટરે ૨૦૦ થી ૩૦૦ રૂ.નો ભાવ વધારો નોંધાયો

ગાંધીનગર, તા.૧૮

કોરોના કાળમાં શહેરીજનો પહેલેથી જ આર્થિક ભીંસનો સામનો કરી રહ્યા હતા. વચ્ચે શાકભાજીના ભાવમાં વધારો નોંધાયો હતો હવે શાકભાજી થોડા સસ્તા થયા છે ત્યાં ખાદ્યતેલ એટલે કે સીંગતેલ, કપાસીયા, સનફલાવર, પામોલિન જેવા તમામ ખાદ્યતેલમાં અચાનક જ ભાવવધારો નોંધાયો છે. સીંગતેલના ૧૫ લિટર ડબ્બાનો ભાવ ૨૩૫૦ રૂપિયા, કપાસીયા ૧૯૫૦ થી ૨૦૦૦ રૂપિયા અને ફોર્ચ્યુનના સનફલાવર ઓઈલમાં ૩૦૦ થી ૪૦૦ રૂપિયાનો વધારો નોંધાયો છે. હવે ગૃહિણીઓને ઘરનું બજેટ સાચવવામાં તકલીફ પડી રહી છે હવે આમ તો તેલ વધુ ન ખાવું તેમ ડોકટરો સલાહ આપતા હતા પણ હવે તો તેલ ખરીદતા પણ



આ સલાહ વધુ ધ્યાનમાં રાખવી પડે તેમ લાગી રહ્યું છે.

શહેરમાં ખાદ્યતેલના ભાવમાં વધારો નોંધાયો છે. સીંગતેલના ડબ્બામાં ૧૦૦ થી ૨૦૦ રૂપિયાનો વધારો કપાસીયામાં પણ ૨૦૦ રૂપિયા જેટલો ૧૫ લિટરે વધારો નોંધાયો છે ત્યારે આ બાબતે શહેરના કરિયાણાના વેપારીઓ સાથે વાત કરતા જાણવા મળ્યું છે કે, થોડા મહિના પહેલા મગફળીની નિકાસ થઈ છે અને વચ્ચે મગફળીનો પાક વરસાદમાં પલડયો ત્યારથી જ સીંગતેલના ભાવમાં વધારો થઈ રહ્યો હતો તે આજે અહીં પહોંચ્યો છે અને સીંગતેલના ભાવ વધે એટલે કપાસીયા સાથે તમામ ખાદ્યતેલના ભાવ વધતા રહે છે. આમ જોઈએ તો ૩૦૦ રૂપિયા જેટલો ભાવ વધારો નોંધાયો છે. પામોલિન તેલના ભાવ પણ વધ્યા છે ઉપરાંત સનફલાવર તેલના ભાવ પણ ૩૦૦ થી ૪૦૦ રૂપિયા વધુ નોંધાયા છે.

આ પરિસ્થિતિ જોતા લાગે છે કે હવે કોરું ખાવાની આદત શહેરીજનોએ પાડવી પડશે કારણકે મધ્યમવર્ગીય પરિવારો હવે એક સાથે ૧૫ લિટર તેલ તો ખરીદી શકે નહી અને છુટક તેલ ખરીદશે તોય આ મોંઘવારીના સમયમાં પહેલાની જેમ પ્રમાણમાં ખાદ્યતેલનો વપરાશ નહીં કરી શકે.

**ખાદ્યતેલના ભાવવધારાને કારણે શહેરના અમુક વેપારીઓ તો હવે ૧૫ લિટરના મોટા તેલના ડબ્બા દુકાનમાં રાખતા જ નથી છૂટક અથવા ૫ લિટર તેલનું વેચાણ જ વેપારીઓ દ્વારા થઈ રહ્યું છે.**

# ગાંધીનગર ખાતે નારી સંમેલન યોજાયું






ગાંધીનગર, તા.૧૮

ગુજરાત રાજય મહિલા આયોગ, ગાંધીનગર અને જિલ્લા પંચાયત, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજરોજ નારી સંમેલનનું આયોજન આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલિયાની ઉપસ્થિતિમાં સેકટર- ૧૨, ડૉ. આંબેડકર હોલ, ગાંધીનગર ખાતે યોજાયું હતું.

ગુજરાતમાં મહિલાઓનો આર્થિક વિકાસ ખૂબ જ જરૂરી છે, તેવું કહી મહિલા આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલિયાએ જણાવ્યું હતું કે, મહિલાઓનો આર્થિક વિકાસ ન થતાં તેને ખૂબ સમસ્યાઓ વધી છે. તેમજ કયારેક ઘરેલું હિંસા વધતી હોય છે. જો મહિલાઓ પગભર હોય તો તે પરિવારને આર્થિક રીતે મદદ કરે છે. અને પોતાની અને બાળકોની જરૂરિયાતને પણ સંતોષી શકે છે.

મહિલાઓને પગભર બનાવવા અને અન્ય રીતે મદદરૂપ બની શકે તે માટે રાજય સરકાર દ્વારા મહિલાલક્ષી વિવિધ ૧૩૮ યોજનાઓ અમલી બનાવી છે,તેવું કહી આયોગના અધ્યક્ષાએ જણાવ્યું હતું કે, આજે રાજયમાં ૨ લાખ જેટલા સખી મંડળો કાર્યકર છે. જેના થકી ૩૫ લાખ જેટલી મહિલાઓ આર્થિક ઉપાર્જન કરી રહી છે. તેમજ મહિલાઓને પગભર બનાવવા માટે સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળામાં વિવિધ સાધન-સહાય આપવામાં આવે છે.

મહિલાઓનો સામાજિક અને આર્થિક વિકાસ થવો ખૂબ જ જરૂરી છે, તેવું કહી અધ્યક્ષાએ જણાવ્યું હતું કે, રાજયના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ મહિલા – બાળકોના વિકાસ માટે વર્ષ-૨૦૦૧માં મહિલા–બાળ કલ્યાણ વિભાગની અલગથી રચના કરી હતી. ત્યાં સુધી મહિલાઓના વિકાસ માટે કોઈ વિભાગ કાર્યરત ન હતો. તે પછી વર્ષ- ૨૦૦૫ માં મહિલાઓની સમસ્યાઓને વાચા આપવા અને તેમની સમસ્યાઓના ઉકેલ અને કાયદાનું જ્ઞાન આપવા માટે મહિલા આયોગની રચના કરવામાં આવી હતી. આ પ્રસંગે મહિલાઓને વિવિધ સરકારશ્રીની મહિલાલક્ષી યોજનાઓ અને કાયદા અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ સંમેલનમાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાન, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડૉ. રતનકંવર ગઢવીચારણ સહિત આમંત્રિત મહાનુભાવ અને મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## સત્યાર્થી ફાઉન્ડેશને અંતરિયાળ કેવડિયા ગામે પુસ્તકાલયનું નિર્માણ કર્યું

ગાંધીનગર, તા.૧૮

'જે ઘરમાં પુસ્તકો વંચાતા ના હોય તે ઘરમાં દિકરી પરણાવવી ના જોઈએ' તેવી વાત જાણીતા ચિંતક અને લેખક ગુણવંત શાહે કરી હતી. જેનો સંદર્ભ ગાંધીનગરના સત્યાર્થી ફાઉન્ડેશનના પ્રમુખ નિમેષ વાઘેલાએ તેમની સંસ્થા દ્વારા કપડવંજ પાસેના કેવડિયા ગામે નિર્મિત કરાયેલા પુસ્તકાલયના લોકાર્પણ પ્રસંગે આપ્યો હતો. આ પુસ્તકાલયનું ઉદઘાટન ગાંધી યુથ કલબના ભૂલકાઓ શાશ્વત વાઘેલા, વેદલ રાઠોડ અને માહી રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું.

સત્યાર્થી ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદોને ભોજન સહાય તેમજ વસ્ત્ર સહાય જેવા સેવાકાર્યો ઉપરાંત ગાંધી યુથ કલબના માધ્યમથી ગાંધી વિચારના પ્રચાર પ્રસાર માટે કાર્ય કરવામાં આવે છે. કપડવંજના કેવડિયા ગામે એડવોકેટ ધર્મેશભાઈ રાઠોડ દ્વારા જમીન દાનમાં આપવામાં આવી હતી જેના પર સંસ્થા દ્વારા



પુસ્તકાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે જેનું ઉદઘાટન તા. ૧૭મી જાન્યુઆરીએ બાળકોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ અજિતસિંહ ખાંટે સંસ્થાનો આભાર માન્યો હતો. પ્રમુખ નિમેષ વાઘેલાએ જણાવ્યું હતું કે 'પુસ્તકાલય નિર્માણનો હેતુ નાના ભૂલકાંઓમાં કાચી વયથી જ વાંચન પ્રત્યે રૂચિ વધે અને તેઓ સારું વાંચન કરવા પ્રેરાય તે માટેનો છે અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના ગાઈડલાઈનને અનુલક્ષીને સંસ્થા દ્વારા મર્યાદિત વ્યકિતઓની હાજરીમાં પુસ્તકાલયના લોકાર્પણનો પ્રસંગ સંપન્ન કરવામાં આવ્યો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ગંગાબેન બાબરજી ઠાકોર, ઉ.વ. ૬૦, બોરીજ, ગાંધીનગર
- સ્વ. ચાવડા બબાજી પ્રતાપજી, ઉ.વ. ૭૦, રાંધેજા, તા. ગાંધીનગર